# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૯ : અંક–૧૮૪ વર્ષ - ૧૬ : જાન્યુઆરી–૨૦૧૩


## કારતક વદ ૧, બુધવાર તા. ૧૫-૧૧-૧૯૭૮.
## બહેનશ્રીનાં વચનામૃત–૩૮૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૧૫૧

**જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે. ૩૮૦.**



૩૮૦ બોલ છે. બહુ સાદા દૃષ્ટાંતથી વસ્તુ સિદ્ધ કરી છે. આપણે ગુજરાતીમાં તો એમ કહે, કંચનને કાટ લાગે નહિ. **'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી,...'** ઊધઈ-ઊધઈ. અહીંયાં એમ કહે છે. **'જેમ કંચનને કાટ લાગતો નથી,...'** કંચનને કાટ–જંગ નથી લાગતો. આહા..હા..! **'અગ્નિને ઊધઈ લાગતી નથી,...'** ઊધઈ-ઊધઈ હોય છે ને ? **'અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ...'** આહા..હા..! **'જ્ઞાયકસ્વભાવમાં...'** ભગવાન જ્ઞાયકસ્વભાવ વસ્તુ, જે દ્રવ્યસ્વભાવ છે એને આવરણ નથી. દ્રવ્યને આવરણ નથી. આહા..હા..! વસ્તુને આવરણ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. બહુ ઝીણી વાત છે. આહા..હા..! આવરણનું નિમિત્ત અને રાગનું નિમિત્ત તો એક સમયની પર્યાયની સાથે છે. વસ્તુમાં આવરણ નથી. આહા..હા..! ચૈતન્યદ્રવ્ય જે વસ્તુ છે, એમાં આવરણ નથી. અગ્નિમાં ઊધઈ નથી, કંચનને કાટ લાગતો નથી. એમ ભગવાન આત્મામાં આવરણ નથી. દ્રવ્યમાં આવરણ નથી. આહા..હા..! આ તો મૂળ ચીજ છે.

**'ઊણપ...'** નથી. ઊણપ નથી. વસ્તુ સ્વભાવ છે એમાં ઊણપ નથી. એ તો પૂર્ણ પૂર્ણ વસ્તુ છે. આહા..હા..! **'ઊણપ કે અશુદ્ધિ આવતી નથી.'** વસ્તુમાં અશુદ્ધિ કેવી ? એક સમયની પર્યાયમાં અશુદ્ધતા છે. એક સમય. વસ્તુ છે એ તો ત્રિકાળી શુદ્ધ જ છે. આહા..હા..! **'અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી...'** આહા..હા..! એકલો માલ છે. તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર લગાવીને... આહા..હા..! કેમકે દ્રવ્ય છે એ અનાવરણ

છે, અશુદ્ધિ નથી, ઊણપ નથી. પૂર્ણ છે. એવા વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ લગાવ, તને સમ્યગ્દર્શન આત્માનું અવલોકન થશે. આહા..હા..! આત્મ અવલોકન. આત્મા નિરાવરણ, ઊણપ નહિ, અશુદ્ધતા નથી. એવી પૂર્ણ, નિરાવરણ, શુદ્ધ એવી ચીજ જે આત્મતત્ત્વ, જ્ઞાયકતત્ત્વ છે એને ઓળખીને. આહા..હા..! એવા દ્રવ્યને, આત્મતત્ત્વને ઓળખીને. આહા..હા..! આ જાણવાનું છે. બાકી બીજી વાતું ગમે તે જાણી હોય (બધું થોથા છે). આહા..હા..!

**'તું તેને ઓળખી તેમાં લીન થા...'** એનું જ્ઞાન કરીને એમાં લીન થા. દર્શન-ચારિત્ર હવે આવશે. આહા..હા..! ઝીણી વાત બહુ પણ મૂળ અત્યારે લોકોને એવું લાગે કે વ્યવહારથી થાય... વ્યવહારથી થાય... વ્યવહારથી .. પણ વ્યવહારથી લાભ થવા માટે કહ્યું છે. એ તો બધી ખબર નથી ? વાંચ્યું નથી ? એ તો એમાં વ્યવહાર ભેદ પાડ્યા વિના સમજે નહિ એટલે વ્યવહારથી સમજાવે છે. એ તો ૮-૯ ગાથામાં આવ્યું ને ? આહા..હા..! વ્યવહારથી સમજાવે માટે વ્યવહાર કહેનારને અનુસરવા લાયક અને સાંભળનારને અનુસરણ કરવા લાયક છે, એમ નથી. આ મોટો ફેર અત્યારે. આહા..હા..!

એક સમયની પર્યાય છે. પણ એ પર્યાય અનુસરવા લાયક નથી, આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! રાગ છે તો એ પણ અનુસરવા કે આશ્રય કરવા લાયક નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ હોય, પણ એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! આશ્રય–અવલંબન કરવાલાયક તો એક પ્રભુ ! નિત્યધાતુ ધ્રુવ... આહા..હા..! એનું અવલંબન લે. એને ઓળખ. પર્યાયને ઓળખ કે રાગને ઓળખ એમ અહીં નથી કહ્યું. આહા..હા..! **'તેને ઓળખી...'** તો જે જ્ઞાન થશે એ બધા ભેદને, રાગને, નિમિત્તને જાણી લેશે. આહા..હા..! આવી વાત છે.

**'તું તેને ઓળખી...'** આહા..હા..! એટલે કોઈ ઓળખાવનાર છે તો ઓળખે છે એમ નથી. તું તેની ઓળખાણ કર. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ સ્વરસ, ચિદ્‌ઘન ધ્રુવ, નિરાવરણ, ઊણપ નથી, અશુદ્ધતા નથી. એવી ચીજને ઓળખીને... આહા..હા..! **'તેમાં લીન થા..'** આહા..હા..! **'તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.'** આહા..હા..! **'તો તારાં સર્વ ગુણ...'** જેટલા ગુણો છે... આહા..હા..! એની ચમક. પર્યાયમાં એની ચમક... આહા..હા..!

દ્રવ્ય લીધું. જ્ઞાયકસ્વભાવ દ્રવ્ય લીધું. એમાં આવરણ નથી, ઊણપ નથી, અશુદ્ધતા નથી. એને ઓળખીને પર્યાયથી. લીન થા. પર્યાય અંદર દ્રવ્યમાં લીન થાય. તો સર્વ ગુણો. ગુણ આવ્યા. તો જેટલા પરિપૂર્ણ ગુણો છે એ બધા ગુણોની ચમક પર્યાયમાં આવશે. આહા..હા..! આવી સાદી ભાષા ને...

જ્ઞાયકભાવ ધ્રુવ ચૈતન્ય ત્રિકાળ નિરાવરણ... આહા..હા..! ત્રિકાળ પૂર્ણ, ત્રિકાળ શુદ્ધ. ત્રિકાળનો અર્થ વર્તમાન પૂર્ણ શુદ્ધ. એવી ચીજને પર્યાયદૃષ્ટિ છોડીને અંતરદૃષ્ટિ લગાવી, ઓળખી તેમાં લીન થા. આહા..હા..! **'તો તારા સર્વ...'** જેટલા ગુણ છે તે સર્વ ગુણની પર્યાયમાં વ્યક્ત પર્યાય ચમક પ્રગટ થશે. આહા..હા..! એ ગુપ્તરૂપ છે, અનંત ગુણ જે ગુપ્તરૂપ છે એ દ્રવ્યને ઓળખી તેમાં લીન થવાથી એ ગુપ્ત શક્તિની વ્યક્તતા થશે. આવી વાત છે. આહા..હા..! કહો, આવી વાત છે. ધર્મ ક્યાં પ્રગટે ? કોને અવલંબે પ્રગટે ? અને ગુણ કેટલા અંદર છે ? એ દ્રવ્યનું અવલંબન લેવાથી જેટલા ગુણ છે એટલી પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તતા થશે. આહા..હા..! આવી સાદી ભાષા ! આહા..હા..!

મુમુક્ષુ :– સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તે સમકિત. આ તો દ્રવ્ય-ગુણ. ત્રિકાળ જ્ઞાયકભાવ, અનાવરણ, પૂર્ણ અને શુદ્ધ, અપૂર્ણ નહિ, અશુદ્ધિ નહિ, એનો અર્થ પૂર્ણ શુદ્ધ. એવી મોજૂદગી ધરાવતી ચીજ છે. સત્ એવી હયાતી ચીજ છે. એ ધ્રુવ, એને પર્યાયમાં ઓળખી, પર્યાયથી એને ઓળખીને... આહા..હા..! દ્રવ્યને દ્રવ્યથી ઓળખાતું નથી. આહા..હા..! આવી વાત. મંત્રો છે આ તો, ભાઈ ! અરે..! ક્યારે આ ? એકાંત એકાંત લોકો તાણીને પડ્યા છે ને. આને એકાંત કહે છે. અરે..! એને ખબર નથી. ભાઈ ! એ દુનિયા માનશે. દુનિયા પાગલ છે બિચારી.

ખબર ન મળે. આહા..હા..! તેથી વસ્તુનું સ્વરૂપ એમ નહિ થઈ જાય. આહા..હા..! પર્યાયમાં વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્યવહાર કરો... કરતા કરતા નિશ્ચય થશે. આહા..હા..! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, અપવાસ, સંયમ લઈ લ્યો, ચારિત્ર ગ્રહણ કરો. આ સમકિતદર્શન વિના. આહા..હા..! આવું છે.

શાસ્ત્રમાં એવું આવે કે સમકિતી જ્ઞાની આટલી નાની પ્રતિમા પણ સ્થાપે, તો એના પુણ્ય સરસ્વતી ન કહી શકે. આવે છે કે નહિ ? 'પરમાનંદ...' આહા..હા..! પણ એનો અર્થ શું ? જેને આત્મજ્ઞાન થયું છે, હું પૂર્ણાનંદ પ્રભુ છું એવું વેદન થયું છે એને એવો ભાવ આવે છે. તો એ ભાવથી પુણ્યબંધ થાય છે. પુણ્ય કેટલા ? કે એ તો પુણ્યાનુબંધી પુણ્ય છે. એટલું કહેવું છે. આહા..હા..! એનાથી કોઈ આત્માને લાભ છે (એમ નથી). એવી વાતું આકરી લોકોને પડે. પ્રતિમા સ્થાપે, નાખે જરી એમ કે... આહા..હા..! શું આજે કામ કર્યું ! એ તો શુભભાવ છે. એ શુભભાવ બંધનું કારણ છે. આહા..હા..! દૃષ્ટિ જ્યાં શુદ્ધ ચૈતન્ય ઉપર પડી, એના અવલંબને જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ, એ તો શુભભાવને જાણે છે. મારી છે અને મેં કરી, એમ વાત નથી. આહા..હા..! અરે..! આવું ! આહા..હા..!

ભાઈ ! ચોરાશી લાખના અવતાર... આહા..હા..! ૨૫-૫૦-૧૦૦ માણસ કુટુંબી હોય, પૈસાવાળા કરોડપતિ હોય, એકલો માણસ વેદન કરી... આહા..હા..! ડબલ ન્યુમોનિયા (થયો હોય). પીડાનો પાર ન મળે. આંખમાંથી આંસુ ચાલ્યા જતા હોય. એ દેહ છોડી, પ્રભુ ! અજ્ઞાનપણે આત્માનું ભાન નહિ... આહા..હા..! એ ક્યાં જઈને ચોરાશીના અવતારમાં અવતરે. ભાઈ ! એ અવતરવાનું કારણ મિથ્યાત્વભાવ છે, પર્યાયબુદ્ધિ છે, રાગબુદ્ધિ છે. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય નિરાવરણ વસ્તુ, એને ઓળખ. જ્ઞાનમાં એને જ્ઞેય બનાવ. આહા..હા..! જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એને જ્ઞેય બનાવ અને એમાં લીન થા. આહા..હા..! આવી સાદી ભાષા. આવી વાત લોકોને એવું લાગે. આમાં કાંઈ સમજાય નહિ ઝટ શું કરવું એ. એટલે એને લાગે કે આ તો.. બાપુ ! માર્ગ જ આ છે. ગમે તેટલો વિકૃત થયો, પણ સ્વભાવ જે પૂર્ણ છે એમાં અપૂર્ણતા આવી નથી. આહા..હા..! એ વિકૃત અવસ્થા ઉપર... ઉપર.. ઉપર.. ઉપર થઈ છે. સ્વભાવમાં બિલકુલ કમી આવી નથી. આહા..હા..! અને જેવો સ્વભાવ હતો એવી દૃષ્ટિ જ્યાં થઈ, (ત્યાં) વિકૃત અવસ્થા ઉપર હતી એ નીકળી જાય છે. આહા..હા..! આવી વાતું છે. એમાં દસ-દસ હજાર, વીસ-વીસ હજારની સભા ભરાય. રાજી થાય. આ વાતમાં કાંઈ પકડાય નહિ, તો રાજી શી રીતે થાય ? ઓલા તો કહે, દેશ સેવા કરો, દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. તમારું કલ્યાણ થશે. માણસ આમ સાંભળીને રાજી થાય. એ તો મિથ્યાત્વનું પોષક છે. આહા..હા..!

મુમુક્ષુ :- આત્માના દેશની સેવા...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ આત્માની પુષ્ટિ નથી, પ્રભુ ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! એ આનંદના ડુંગર, સાગર પ્રભુ નિરાવરણ અંદર પડ્યો છે. એ ચૈતન્યરત્નાકર, આ સ્વયંભૂ સમુદ્ર જેમ સ્વયંભૂ આત્મા... આહા..હા..! પોતાની ભૂમિકામાં જે અસંખ્ય પ્રદેશમાં સ્વયં અનંત ગુણથી ભરેલો છે, પ્રભુ ! આહા..હા..! એને તું પર્યાયદૃષ્ટિ, રાગદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિને છોડીને (ત્યાં દૃષ્ટિ લગાવ). આહા..હા..! અહીં તો નિશ્ચય ત્યારે થાય છે. ઓલો કહે કે નિશ્ચય સિદ્ધમાં થાય. અરે..! પ્રભુ ! શું કર્યું તેં ? અરે..! ભાઈ ! આહા..હા..!

વસ્તુ અંદર નિર્મળાનંદ પ્રભુ શુદ્ધ પૂર્ણ છે એનું અવલંબન લેતાં જ ધર્મ થાય છે. બાકી વ્યવહારથી અને નિમિત્તથી, દેવ-ગુરુ-શાસ્ત્રથી, દેવ-ગુરુની વાણીથી પણ નથી થતું. આહા..હા..! આવું છે. શાંતિનું કામ, શાંતિથી કામ ચાલે એવું છે. ભાષા તો જુઓ ! એ વસ્તુ જે નિરાવરણ, પૂર્ણ શુદ્ધ (છે) એ ચીજને ઓળખીને લીન થા. આહા..હા..! તદ્દન સાદી ભાષા. એકલું બાર અંગનું તાત્પર્ય. આહા..હા..!

**'તું તેને ઓળખી તેમાં લીન થા...'** આહા..હા..! **'તો તારાં સર્વ ગુણરત્નોની...'** જે શક્તિરૂપ ગુપ્ત છે ગુણો એને ઓળખીને, લીન થતાં **'સર્વ ગુણરત્નોની**

**ચમક પ્રગટ થશે.**' પર્યાયમાં. આહા..હા..! અંદર ચમક પ્રગટ થશે. શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવી સર્વ શક્તિઓ ચમકી ઉઠશે. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? આવી વાત સાંભળનારા પણ થોડા હોય. ઓલું કહ્યું ને ? 'વીરલા જાણે તત્ત્વને, વીરલા સાંભળે કોઈ.' વીરલા માને... આહા..હા..! સાડા ચાર લીટી છે. સાડા ચાર પણ પૂરી નથી. એમાં એટલું ભર્યું છે.

દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેની વાત (આવી ગઈ). આહા..હા..! દ્રવ્ય કેવું ? કે અનંત પૂર્ણ ગુણ ભર્યા એવું. અને તેને ઓળખીને લીન થતાં શું થાય છે ? કે જેટલા અનંત ગુણ છે એટલી પર્યાયમાં ચમક પ્રગટ થશે. અંશ વ્યક્ત થશે. આહા..હા..! કહો, ભાઈ ! આ તમારા ઝવેરાતની મજૂરીમાં કાંઈ નથી. એ બધા કોલસા છે. લાખ પેદા કરે, બે લાખ પદે કરે તો... આહા..હા..! અને ઓલો વળી ત્યાં પેદા કરે મોટું. 'હોંગકોંગ'માં. આહા..હા..! લાખ રૂપિયા અહીંયાં આપ્યા, ફલાણાને આપ્યા. પણ એ તે શું ? એ તો એક શુભભાવ છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..! એના નાના ભાઈ છે. લાખ રૂપિયા આપ્યા છે ત્યાં. 'ભાવનગર'. સાહિત્ય સસ્તુ કરવા માટે. એ તો હોય. મેરુ પર્વત મોટો કરોડોનો બનાવે. એ ક્રિયા તો જડની એને કારણે થાય છે. એ કંઈ આત્મા કરી શકતો નથી. એને કરવાનો ભાવ હોય. કરોડો રૂપિયા, અબજો રૂપિયા ખર્ચે એ તો શુભભાવ છે. માન માટે, મારી પ્રસિદ્ધિ થશે (એવો ભાવ હોય) તો તો પાપ છે. આહા..હા..! આવી વાતું આકરી બહુ, બાપા ! આહા..હા..! બહુ સરસ પેરેગ્રાફ છે. પેરેગ્રાફ કહેવાય ને ?

મુમુક્ષુ :– ટૂંકામાં..

પૂજ્ય ગુરુદેવશ્રી :– ટૂંકામાં તો એકલો માલ. શરૂઆતથી પૂર્ણ કેમ થાય ? આહા..હા..! બાકી પંડિતાઈ-પંડિતાઈ તારી એક કોર પડી રહી. આહા..હા..! એ પેરેગ્રાફ પૂરો થયો.

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનો ૮૦મો જન્મ જયંતિ મહોત્સવ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનો ૮૦મો જન્મ જયંતિ મહોત્સવ તા. ૧૬-૧૨-૨૦૧૨ થી તા. ૨૦-૧૨-૨૦૧૨ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો. આ મહોત્સવના ઉપલક્ષમાં પાંચ દિવસનું સિદ્ધ પરમેષ્ઠી મંડલ વિધાન રાખવામાં આવ્યું હતું અને પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચનો રાખવામાં આવેલા.

તા. ૧૯-૧૨-૨૦૧૨ના દિવસે એક ભવ્ય જિનેન્દ્ર રથયાત્રાનું આયોજન કરવામાં આવેલું, જે શહેરના મુખ્ય માર્ગ પર ફરતી સાંજે પાંચ વાગે જિનમંદિરમાં સમાપ્ત થઈ. તા. ૨૦-૧૨-૨૦૧૨ના દિવસે સવારે 'રાજહૃદય ભાગ-૬' (ગુજરાતી) પુસ્તકની અર્પણ વિધિ કરવામાં આવી. પારણા ઝુલન, જન્મ વધામણા ઇત્યાદિ કાર્યક્રમો ભક્તિ સહિત ઉજવવામાં આવ્યા.

આ પ્રસંગે કોલકાટા, આગ્રા, મુંબઈ, સુરત, અમદાવાદ વગેરે સ્થળોથી મુમુક્ષુઓ પધાર્યા હતા.



# શ્રી અનુભવસંજીવની, બોલ નં.૧૫૭૧ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું તા.૨-૧-૧૯૯૭ના દિવસે બાંધણીમાં થયેલ પ્રવચન

* નિર્વિકલ્પ સ્વરૂપના અવલંબનના પુરુષાર્થમાં, ચાલતા વિકલ્પનો નિષેધ વર્તે;–અન્યત્વ ભાસે.
* પરિપૂર્ણ અંતર્મુખ સ્વભાવની ભાવના, બહિર્મુખ વૃત્તિને નિષેધે છે, બાહ્ય વૃત્તિ પ્રત્યે ઉપેક્ષા થાય છે.
* પરથી ભિન્નત્વની ભાવના, સ્વરૂપના અસંગપણાને દૃઢ કરી પરભાવના એકત્વને રોકે છે.
* સ્વરૂપ-શુદ્ધત્વને ભાવતાં પવિત્રતાનો આવિર્ભાવ થાય છે.
* પરિપૂર્ણ સુખની પ્રતીતિ, (પર પ્રત્યે) પરમ વૈરાગ્ય અને ઉદાસીનતાને ઉત્પન્ન કરે છે.
* પ્રત્યક્ષ સ્વરૂપ સંવેદન પુરુષાર્થને ઉછાળે.
* પરમ શાંત સુધામયી શાંતિ આકુળતાને દૂર કરે.
* અભેદ નિજ સ્વરૂપની વ્યાપકતા, એકાગ્રતારૂપ ધ્યાનને ઉત્પન્ન કરે. (૧૫૭૧)

ડાયરીમાંથી અધ્યાત્મ પરિણામોની કેટલીક સૂક્ષ્મ વાતો લઈએ. (આ વાતો) સૂક્ષ્મ પણ છે અને સુંદર પણ છે. સુંદર છે. સૂક્ષ્મ પણ છે અને સુંદર પણ છે. ડાયરીનો ૧૫૭૧ નંબરનો બોલ છે. ભવિષ્યમાં, નજીકના ભવિષ્યમાં થોડું પ્રસિદ્ધપણું થશે, એટલે થોડું-થોડું શરૂ કરીએ.

**'નિર્વિકલ્પ સ્વરૂપના અવલંબનના પુરુષાર્થમાં ચાલતા વિકલ્પનો નિષેધ વર્તે; અન્યત્વ ભાસે.'** આ બોલ પુરુષાર્થ-વિષયક છે. આઠેક બોલની ચર્ચા લેવી છે. આ બોલમાં આઠેક બોલ લખાયેલા છે. એક (બોલમાં) આઠ લખાયેલા છે. આ પુરુષાર્થ-વિષયક (બોલ) છે.

સાધક અવસ્થામાં પોતાના નિજ-નિર્વિકલ્પ સ્વરૂપના અવલંબનનો પુરુષાર્થ હોય છે અને એ પુરુષાર્થમાં સવિકલ્પદશામાં પણ ચાલતા વિકલ્પનો નિષેધ વર્તે છે, કેમકે સ્વરૂપ નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ સ્વરૂપનો પુરુષાર્થ પણ નિર્વિકલ્પ ભાવે વર્તે છે. કેમકે પુરુષાર્થના પર્યાયમાં વિકલ્પ નથી. વિકલ્પ ચારિત્ર (ગુણ)ના પર્યાયમાં છે. વિકલ્પ ચાલે છે એ તો ચારિત્રના પર્યાયમાં ચાલે છે.

મુમુક્ષુ :– વિકલ્પને જ્ઞાનની પર્યાય કહેવાની કે પછી ચારિત્રની ? કેવી રીતે લેવાનું ?

પૂજ્ય ભાઈશ્રી :– રાગની પર્યાય છે એટલે ચારિત્રની (પર્યાય છે). **'નિર્વિકલ્પ સ્વરૂપ...'** આત્મસ્વરૂપ કેવું છે ? નિર્વિકલ્પ સ્વરૂપ છે. એ નિર્વિકલ્પસ્વરૂપ તો એટલે કહીએ છીએ કે, જ્યારે વિકલ્પનો અભાવ થાય છે, ત્યારે પર્યાયને નિર્વિકલ્પ કહેવાય છે. પર્યાયમાં જે વિકલ્પ હોય, તેનો સ્વરૂપના અવલંબનથી અભાવ થઈ જાય છે, ઉત્પન્ન જ થતો નથી. ત્યારે જે દશા રહે છે, તે સ્વરૂપાકાર દશા છે. કેવી દશા છે ? સ્વ-સ્વરૂપાકાર (દશા છે) જે સ્વ-સ્વરૂપાકાર દશા છે તેને પૂર્વમાં જે વિકલ્પ હતો તેનો પ્રતિપક્ષ જાણીને દશાને નિર્વિકલ્પ કહી. કારણકે વિકલ્પનો અભાવ થયો. અને (પર્યાય) સ્વરૂપાકાર થતાં સ્વરૂપને પણ નિર્વિકલ્પ કહ્યું

તે પર્યાયનો ઉપચાર સ્વરૂપ ઉપર કર્યો. ખરેખર તો વસ્તુ સવિકલ્પરૂપ નથી, ન તો નિર્વિકલ્પરૂપ છે. જેવું છે તેવું છે. આવું જે નિર્વિકલ્પ સ્વરૂપ છે તે મૂળમાં જેવું છે તેવું છે. પરંતુ અહીંયાં દશા અનુસાર (નિર્વિકલ્પ સ્વરૂપ) કહે છે. જે પુરુષાર્થ ચાલે છે. તેના **'અવલંબનના પુરુષાર્થમાં...'** અવલંબન અર્થાત્ આધાર લેવો, આશ્રય કરવો, હું-પણાનું જોર હોવું, હું-પણાનું જોર હોવું આ પ્રકારના પુરુષાર્થના પરિણમનમાં **'ચાલતાં...'** પ્રવર્તમાન **'વિકલ્પનો નિષેધ...'** ચાલે છે. **'નિષેધ વર્તે છે'** નિર્વિકલ્પભાવે નિષેધ વર્તે છે. નિષેધનો વિકલ્પ નથી કરવો પડતો પરંતુ તેમાં તેનો નકાર છે. અને ચાલતાં વિકલ્પમાં અન્યપણું અનુભવગોચર થાય છે. **'અન્યત્વ ભાસિત થાય છે...'** એટલેકે અનુભવગોચર થાય છે. બાજુમાં વિકલ્પ ચાલે છે તેમાં હું નથી તે કોઈ અન્ય ચીજ છે. સહજ પોતાને કારણે ચાલે છે, મારા કારણે નથી ચાલતાં. ન તો હું કરું છું. ન તો કરાવું છું ન તો મારી કોઈ અનુમોદના પણ એમાં છે. એ રીતે કૃતકારિત અનુમોદનાથી અન્યત્વ લાગે છે. તેને કહે છે **'અન્યત્વ ભાસિત થાય છે.'** આ અધ્યાત્મ પરિણતિનું એક રૂપ બતાવ્યું. તેના ઘણાં રૂપ છે. અધ્યાત્મ પરિણતિના ઘણાં-ઘણાં રૂપ છે. અને અનેક પ્રકારના રૂપથી તે સુંદર છે.

જેમકે મનુષ્યમાં શરીરની સુંદરતા હોય છે. પુરુષને પણ હોય છે, સ્ત્રીને પણ હોય છે. બન્નેને સુંદરતા હોય છે. તો એમાં-સુંદરતામાં શું છે ? કે સુંદરતાના પણ અનેક અંગ છે. જેમકે નમણાશ છે તે પણ સુંદરતાનું એક અંગ છે. જે વર્ણ હોય છે તે પણ સુંદરતાનું એક અંગ છે. તેમાં પણ નમણાશ છે. તે એક શબ્દમાં તો ઘણી વાતો છે. નાકની નમણાશ હોય છે, આંખની હોય છે, હોઠોની હોય છે, કપાળની હોય છે, ગરદનની હોય છે અને આ ગાલની પણ હોય છે. તેમાં અનેક પ્રકાર છે પરંતુ એક શબ્દમાં ઘણી વાતો, અનેક અંગોની વાત એક શબ્દમાં રાખી દીધી છે. એ રીતે અધ્યાત્મ પરિણતિ પણ બહુ જ સુંદર છે અને એના પણ અનેક સુંદર રૂપ છે. તેમાંથી આ પુરુષાર્થની વાત થઈ. જ્યારે અંતર્મુખી પુરુષાર્થ નિર્વિકલ્પ સ્વરૂપના અવલંબન માટે ચાલે છે, ત્યારે વિકલ્પનો નિષેધ વર્તે છે અને તેમાં અન્યત્વપણું - ભિન્નપણું - પરપણું - પરાયાપણું અનુભવાય છે. ભાસે છે, એટલેકે અનુભવાય છે.

મુમુક્ષુ :– દુઃખરૂપ પરિણામ હોવાથી નિષેધ આવે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, તેમાં શું છે ? કે ચારિત્રગુણ પણ એક અંગ છે ને ! તો એક અંગમાં આ રોગ છે. આ રોગ છે અને સ્વરૂપ નિરોગી છે, તેથી આ (સ્વરૂપ) Resist (પ્રતિકાર) કરશે જ કરશે, Naturally (સહજ જ કરશે). જેમકે શરીરનો Resistance power (પ્રતિકાર શક્તિ) રોગનો નિષેધ Naturally કરે છે કે નથી કરતો ? તેમાં કાંઈ પ્રક્રિયા કરવી પડતી નથી. પોતાની જાતે Naturally તે Resist કરે છે. આ રીતે સ્વરૂપભૂત પરિણમન હોવાથી – સ્વરૂપનો પુરુષાર્થ હોવાથી, એક અંગમાં ચારિત્રગુણની અવસ્થામાં કેટલેક અંશે વિકૃતિ છે, દુઃખ છે, રોગ છે એને Resist કરે છે. અને Feeling ને હિસાબે જોઈએ તો તેમાં અન્યપણું Feel થાય છે. પારકાપણું Feel થાય છે. આ તો વાત થઈ પુરુષાર્થ વિષયક.

મુમુક્ષુ :– એટલેકે પોતાના મનનો વિકલ્પ હોવા છતાં એનો સ્વામી નથી થતો અને અન્યપણે ભાસિત થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, સ્વામી થવાનો તો સવાલ નથી. અન્યપણું જ ભાસે છે.

મુમુક્ષુ :– પોતાનો જ વિકલ્પ છે છતાં અન્યપણું ભાસે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– સ્વામીત્વ તો પોતાના સ્વરૂપમાં આવી ગયું છે એટલે એ પારકો ભાસે છે.

મુમુક્ષુ :– આચાર્ય મહારાજે જે પ્રદેશ ભિન્નતાનો

વિષય લીધેલો તે અહીંયાં ક્યાંય લાગુ પડે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, જોરથી કહેવું હોય, પુરુષાર્થના જોરમાં કહેવું હોય તો પ્રદેશ ભિન્નતા લેવામાં પણ વાંધો નથી.

મુમુક્ષુ :– પોતાપણાનો અનુભવ જ્ઞાનમાં રહીને વિકલ્પનું જાણવું થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, પોતાપણાનો અનુભવ સ્વરૂપમાં છે. વિકલ્પ જોડે (સાથે) છે એટલે સ્વપર પ્રકાશકપણામાં જણાય છે પણ જાણવાની સાથે-સાથે એક પ્રક્રિયા નિષેધાત્મક પણ છે અને પરાયા-પારકાપણાની પણ છે.

(બીજો મુદ્દો) **'પરિપૂર્ણ અંતર્મુખ સ્વભાવની ભાવના બહિર્મુખ વૃત્તિને નિષેધે છે, બાહ્યવૃત્તિ પ્રત્યે ઉપેક્ષા થાય છે...'** શું કહેવું છે ? **'સ્વભાવની ભાવના'** સ્વભાવ કેવો છે ? **'પરિપૂર્ણ અંતર્મુખ...'** સ્વભાવ છે. સમજવા માટે પર્યાયથી થોડું સમજવું પડશે. કેમકે પર્યાયમાં બહિર્મુખપણું અને અંતર્મુખપણું - એવા બે પ્રકાર હોય છે. પરિપૂર્ણ અંતર્મુખતા ક્યારે થાય છે ? પરિપૂર્ણ શુદ્ધદશા તેરમાં ગુણસ્થાનમાં થાય છે ત્યારે પરિપૂર્ણ અંતર્મુખપણું હોય છે. પરિપૂર્ણ એટલે નિરવશેષ અંતર્મુખ - એક અંશ પણ ત્યાં બહિર્મુખ નથી રહેતો.

તે જે પરિપૂર્ણ અંતર્મુખપણું થયું, તે કેમ થયું ? ક્યાંથી થયું ? કે સ્વભાવ-સ્વરૂપ એવું હતું - તે પ્રગટ થયું. પોતાનો જે સ્વભાવ - પોતાનું જે સ્વરૂપ તે ત્યાં પ્રગટ થયું છે. અહીં દશાની વાત લેવી નથી. સમજવા માટે દશાનું - પૂર્ણ દર્શનનું દૃષ્ટાંત બતાવ્યું. હવે તેના ઉપરથી સ્વભાવ સમજી લ્યો. પરિપૂર્ણ અંતર્મુખ પોતાનો સ્વભાવ - સ્વરૂપ છે. તેની ભાવનામાં (બહિર્મુખ વૃત્તિનો નિષેધ છે) તેની ભાવના હોય છે. સ્વભાવની ભાવના હોય તો તેમાં બહિર્મુખ વૃત્તિનો નિષેધ આવે છે - હોય છે. આ એક તેનું રૂપ છે. સ્વભાવની ભાવનાનું એક રૂપ છે. અને જેટલો બાહ્યવૃત્તિનો અંશ છે, તેની ઉપેક્ષા થઈ જાય છે. તેની અપેક્ષા નથી રહેતી કે મને આવા ભાવ હજો, એવી અપેક્ષા ક્યારેય નથી હોતી. તેની ઉપેક્ષા થઈ જતી હોય છે. તેનાથી ઉદાસીનતા રહે છે.

આ વિષય ચાલ્યો અંતર્મુખી સ્વભાવની ભાવનાનો. આ ભાવના પણ બહુ જ સુંદર છે. જેમ પુરુષાર્થ સુંદર છે, તો ભાવના પણ એટલી જ સુંદર છે. સુંદરતાના આઠ અંગ છે. આમ તો ઘણાં (અંગ) છે, પરંતુ જેમ સમ્યક્ત્વના આઠ અંગ છે માટે સમ્યગ્દર્શન આઠ અંગોથી સુશોભિત છે. કેવું છે ? જેમ અલંકારથી સુશભિતપણું હોય છે ને ? શરીર અલંકારથી શોભે છે. એ રીતે સમ્યગ્દર્શનના આભૂષણ - તેના આઠ અંગ છે. તે રીતે અહીં અધ્યાત્મની સુંદરતાના આઠ અંગ લીધાં છે. આઠ અંગોથી તેની વાત કહી છે.

Naturally (સહજરૂપે) આઠ અહીં આવી ગયા છે. લખ્યા હતાં ત્યારે તો કોઈ ગણતરી નહોતી કરી કે કેટલાં લખવા. જેમ-જેમ ભાવ આગળ ચાલતો ગયો તેમ-તેમ લખવાનું બનતું ગયું. જ્યારે લખવું હોય ત્યારે તો કોઈક–એકાદ ભાવની સ્ફુરણા હોય છે. પછી લખતાં-લખતાં જેટલું સહજ લખાય એટલું લખાય જાય છે. અહીં (સહજરૂપે) Naturally આઠ વાતો આવી છે. આગળ-પાછળ વિચાર કરી નથી લખાતું. એકાદ મુદ્દાનું સ્મરણ આવે છે પછી તો લખતી વખતે જે ધારા ચાલે. તે અનુસાર કલમ ચાલી જાય, એટલી ચાલી જાય છે. શબ્દ પણ તે જ વખતે સ્ફુરે છે. એક સેકન્ડ પહેલાં ખબર નથી હોતી કે આ શબ્દનો પ્રયોગ થશે. તેની મને પોતાને ખબર નથી હોતી. એટલી સહજતા રહે છે.

**'પરથી ભિન્નત્વની ભાવના...'** હવે અહીં (નાસ્તિ) લીધી. પહેલા વાત સ્વરૂપથી લીધેલી – Positive side થી લીધેલી. હવે આ વાત Negative side થી લઈએ છીએ. **'પરથી ભિન્નત્વની ભાવના, સ્વરૂપની અસંગતાને દૃઢ કરી પરભાવના એકત્વને રોકે છે...'** અથવા તોડી નાખે છે. એવું એક કાર્ય થાય છે. તેમાં પરથી ભિન્નત્વની ભાવના કાર્ય કરે છે અને તે ભાવના આપણું

જે અસંગ સ્વરૂપ છે, ત્રિકાળ અસંગ છે તેને અસંગપણે દ્દઢીભૂત કરે છે અને એકત્વ થવા દેતી નથી. એકત્વને રોકી લ્યે છે. એકત્વ થવા દેતી નથી. કારણકે એકત્વ થવાથી આ ચહેરો બગડે છે. ચહેરા ઉપર ડાઘ પડે છે. પરથી એકત્વ થતાં આત્માની મુદ્રા બગડે છે. તેને રોકવા માટે ભિન્નત્વની ભાવના અને અસંગ તત્ત્વનું દ્દઢત્વ એ કામ કરે છે તે Simultaneously એક સાથે કામ કરે છે. યુગપત્ કામ કરે છે.

મુમુક્ષુ :– પહેલાં અન્યત્વ ભાવનાની વાત આવી, અહીંયાં પરથી ભિન્નત્વની વાત છે. બન્ને વાતમાં શું અંતર છે ?

પૂજ્ય ભાઈશ્રી :– તેમાં તો અન્યત્વ ભાસિત થાય છે, તે વાત છે. અહીં ભિન્નત્વની ભાવનાની વાત છે. અલગ-અલગ પડખું છે, એક જ પર્યાયના-પર્યાય એક છે, તેના અલગ-અલગ પડખા છે. છે તો અધ્યાત્મની એક જ પર્યાય, તેના અલગ-અલગ પડખાં છે. જેમ હીરાના પડખાં અલગ-અલગ હોય છે. હીરો એક છે પણ હીરાની સુંદરતા શેનાથી છે ? તેમાં રહેલા પહેલથી છે. આ રીતે એક પર્યાયના આ અલગ-અલગ પડખાં છે.

સારી વાત નીકળી ગઈ છે. આ જૂન મહિનામાં (૧૯૯૬)માં લખ્યું છે. વધારે સમય તો નથી થયો. આ ડિસેમ્બર ૧૯૯૬ પૂરો થયો, છ મહીના થયા. છ મહિના પહેલા લખ્યો છે.

(હવે) ચોથો (મુદ્દો). **'સ્વરૂપ-શુદ્ધત્વને ભાવતા...'** સ્વરૂપમાં ત્રિકાળ શુદ્ધત્વ છે–અનંત શુદ્ધત્વ છે. કેમ ? કે નિગોદમાં અનંતકાળ પ્રચુર કષાય-કલંકની વચ્ચે રહેવા છતાં તેને ડાઘ નથી લાગ્યો. જેવી રીતે સોનાની લગડી કીચડમાં કેટલાય વર્ષો સુધી રાખી, કેટલા (વર્ષો સુધી) ? ઘણા વર્ષો સુધી. ત્યાંથી ઉઠાવી તો (ત્યારે પણ) તેમાં સંપૂર્ણ સોનું હતું. કોઈ કીચડ એમાં નથી ગયો, પ્રવેશને પ્રાપ્ત નથી થયો. સોનું કીચડવાળુ થયું જ નથી. સોનુ સોનુ જ રહ્યું. કેમ ? કેમકે તે ધાતુ એટલી મજબુત છે કે તે પોતાનું સોનાપણું છોડતી નથી. કીચડમાં પણ પોતાના સોનાપણાનો (સુવર્ણત્વનો) ત્યાગ નથી કરતી એટલી મજબુત છે. એ રીતે આત્મા શુદ્ધ છે. કેવી રીતે શુદ્ધ છે ? શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... પ્રકૃષ્ટ શુદ્ધ છે. તેથી તે પરમ પવિત્ર છે, પરિપૂર્ણ પવિત્ર છે. તેમાં અપવિત્રતાની ગંધ નથી. ગંધ પણ નથી. અપવિત્રતા તો નથી પણ અપવિત્રતાની ગંધ પણ નથી. નિગોદની અવસ્થામાં - પૂર્ણ અપવિત્રતા, જે અવસ્થામાં હોય છે તેની ગંધ ત્યાં જતી નથી અને તેનો પડછાયો પણ ત્યાં પડતો નથી. એટલું પ્રકૃષ્ટ શુદ્ધ (સ્વરૂપ) છે. આવા શુદ્ધત્વને ભાવવાથી (અર્થાત્) 'હું આવો શુદ્ધ છું' એવા શુદ્ધત્વને ભાવવાથી અવસ્થામાં શુદ્ધત્વનો આવિર્ભાવ થાય છે. પવિત્રતા આવવા લાગે છે, ઉદ્ભવ થવા લાગે છે, એવું બને છે.

આ વાત પવિત્રતાના દ્દષ્ટિકોણથી છે. આમાં પવિત્રતાનું પડખું છે. બહુ સુંદર પડખું છે. આત્મા જે પરિપૂર્ણ પવિત્ર છે, તેની શોભાનું આ મુખ્ય અંગ છે. જેમકે મુદ્રાની જે શોભા છે તેમાં મુખ્ય અંગ કયું છે ? નાક છે. 'નાકે રૂપ નિહાળતા' આ કોઈ કવિની પંક્તિ છે. 'કૃપાળુદેવે' તેનું ઉદ્દહરણ કર્યું છે. કોઈ કવિએ લખ્યું છે. પરંતુ 'કૃપાળુદેવ' તો એમાંથી ઘણું કાઢે છે. 'નાકે રૂપ નિહાળતા' લોકો નાકથી રૂપ નિહાળે છે. (એમ કહે કે આનું) નાક ભારે નમણું છે. અને ધ્યાનમાં નાસિકાગ્ર દ્દષ્ટિ હોય છે ત્યારે સ્વરૂપ નિહાળવામાં આવે છે. નિજરૂપને (નિજ સ્વરૂપને) નિહાળે છે. ધ્યાનમાં શું થાય છે ? અડધી મીચેલી, અડધી ખુલ્લી જે દ્દષ્ટિ છે તે નાસિકાગ્ર હોય છે. ભગવાનની પ્રતિમામાં હોય છે ને ? તે રીતે. રૂપ નિહાળે છે એટલે કે આત્માની સુંદરતાને નિહાળે છે. બે અર્થ નીકળ્યા. લોકો શરીરનું રૂપ પણ નાકથી ગણે છે. કવિએ તો કોઈ લૌકિક વાત મુજબ લખ્યું હશે, પરંતુ 'કૃપાળુદેવે' તેનો આધ્યાત્મિક અર્થ આપ્યો છે. 'નાકે રૂપ નિહાળતા' એ રીતે સ્વરૂપની સુંદરતામાં, અધ્યાત્મની સુંદરતામાં પવિત્રતા મુખ્ય અંગ છે. તેનાથી તે વધારે સુંદર છે.

પાંચમો મુદ્દો. **'પરિપૂર્ણ સુખની પ્રતીતિ, (પર પ્રત્યે) પરમ વૈરાગ્ય અને ઉદાસીનતાને ઉત્પન્ન કરે છે.'** કેવું પડખું ખુલ્યું છે ! સ્વરૂપની પરિપૂર્ણતા. હું મારા સ્વરૂપથી પરિપૂર્ણ છું. હું મારા સ્વરૂપથી પરમ પૂર્ણ છું, પૂરેપૂરો પૂર્ણ છું. કોઈ અધૂરાશ મારામાં નથી, તો પછી મારે કઈ ચીજની વાંછા હોય ? કઈ ચીજની જરૂરત હોય ? શેની અપેક્ષા હોય ? જ્યારે કોઈની અપેક્ષા નથી તો બધાની ઉપેક્ષા થઈ ગઈ. ઉપેક્ષા એટલે કે ઉદાસીનતા થઈ ગઈ, તે જ વૈરાગ્ય છે. જ્ઞાની શા માટે વૈરાગી હોય છે ? કેમકે તે પોતાને પરિપૂર્ણરૂપ અનુભવ કરે છે કે હું મારા સ્વરૂપથી જ પૂર્ણ છું. મને શેની આવશ્યકતા છે ? મને કોની અપેક્ષા છે ? જ્ઞાનીને કોઈની અપેક્ષા હોતી નથી. કોઈપણ પ્રકારનો સંયોગ હોય કે વિયોગ હોય. સંયોગ-વિયોગમાં બે પ્રકારના ભેદ છે. લોકોને ઇષ્ટ વિયોગ ગમતો નથી અને અનિષ્ટ સંયોગ ગમતો નથી. ઇષ્ટ સંયોગ ગમે છે અને અનિષ્ટનો વિયોગ ગમે છે. આ ચારેય ભેદ જ્ઞાનીને હોતા નથી. કેમ ? કે પોતે જ પરિપૂર્ણ છે.

'પ્રભુ મેરે તું સબ બાતે પૂરા' ગાયું છે ને ? સહજાનંદ કવિએ ગાયું છે 'પ્રભુ તુમ સબ હી બાતે પૂરા. સહજાનંદ અચલ સુખ પાવે, ધૂરે જગજીવ નૂરા, પ્રભુ તુમ સબ હી બાતે પૂરા, પરકી આશ કહાં કરે પ્રીતમ' પોતાના આત્માને જ પ્રીતમ બનાવ્યો છે.

'પરકી આશ કહાં કરે પ્રીતમ, તું કિણ બાતે અધૂરા ?' તારામાં કોઈ ક્ષતિ તો છે જ નહીં, કોઈ અધૂરાશ નથી, તું શા માટે પરની આશા રાખે છે ? એ રીતે પોતાના સ્વરૂપની પરિપૂર્ણતાના વિશ્વાસથી, તેમાં સુખ પણ પરિપૂર્ણ છે. જ્યારે સ્વરૂપ પરિપૂર્ણ છે તો સ્વરૂપમાં સુખનો એક મુખ્ય ગુણ છે, કે જેનું જીવને પ્રયોજન છે. બધા જીવને પ્રયોજન સુખનું જ છે. પરિપૂર્ણ સુખની પ્રતીતિ એટલેકે વિશ્વાસ–ખાત્રી. અનુભવથી તેની સાબિતી છે. મારામાં મારું સુખ પરિપૂર્ણ છે, આ સુખાનુભવથી તેનો વિશ્વાસ અને પ્રતીતિ આવે છે. અહીંથી જ બધા પરપદાર્થ પ્રત્યે વૈરાગ્ય અને ઉદાસીનતા ઉત્પન્ન થઈ જાય છે. જે પણ ઇષ્ટ સંયોગ, સુખદાયક સંયોગ લોકો કહે છે, તેમાં ઉદાસીનતા આવી જાય છે. કારણકે પોતામાં પૂર્ણ સુખ ભર્યું છે. જેમકે પૂરું ખાવાથી તૃપ્તિ થઈ જાય છે. પૂરું ખાય લીધું – જેટલું ખાવું હતું તેટલું ખાય લીધું, તો પછી ખાવાની ઇચ્છા થોડી રહેશે ? નહીં રહે. (કોઈ કહેશે) કે થોડું વધારે લઈ લ્યો. (તો કહેશે)કે, ના, ના, અમારું પેટ ભરાઈ ગયું. પેટ ભરાઈ ગયું તો ખાવાની ઇચ્છા સમાપ્ત થઈ ગઈ. તેમ પરિપૂર્ણ સુખની પ્રતીતિ, પ્રતીતિ માત્રથી (વૈરાગ્ય ઉત્પન્ન થાય છે). પરિપૂર્ણ સુખ પ્રગટ થશે તેરમાં ગુણસ્થાને, એ તો અરિહંત દશા જ્યારે આવશે ત્યારે પૂરું સુખ-અનંત સુખ પ્રગટ થશે. પણ (પૂર્ણ સુખની) પ્રતીતિ ચોથા ગુણસ્થાનમાં છે. પ્રતીતિ તો ચોથા ગુણસ્થાનમાં છે. પ્રતીતિ માત્રથી જગતના બધા પદાર્થથી વૈરાગ્ય અને ઉદાસીનતા ઉત્પન્ન થઈ જાય છે. મારું સુખ મારામાં પૂરેપૂરું છે, તેનો મને વિશ્વાસ છે, પૂરી શ્રદ્ધા છે. શ્રદ્ધા ક્યારેય અધૂરી નથી હોતી. પૂરી શ્રદ્ધા છે, તેને પ્રતીતિ કહે છે. અને તે જ વૈરાગ્ય–ઉદાસીનતાનું કારણ છે. જગતના બધા પદાર્થો પ્રત્યે ઉદાસીન થઈ જાય છે. આ વાત પૂર્ણ સુખની પ્રતીતિવાળી લીધી.

હવે એક પડખું લીધું છે પુરુષાર્થની ઉત્પત્તિના કારણભૂત એક પડખું છે - **'પ્રત્યક્ષ સ્વરૂપ સંવેદન'** શું ? સ્વરૂપ સંવેદનમાં પર્યાયમાં પ્રત્યક્ષતા થાય છે અને તે સ્વસંવેદનનો વિષય જે સ્વરૂપ છે તે અનંત પ્રત્યક્ષ છે. સંધિ શું થઈ ? સ્વરૂપની અનંત પ્રત્યક્ષતા વિષય છે અને પ્રત્યક્ષ સ્વસંવેદન તેનો વિષયી છે. ફરીથી, સ્વસંવેદનમાં પ્રત્યક્ષતા છે કારણકે, વેદન ક્યારેય પરોક્ષ હોતું નથી. વેદ્ય-વેદકભાવ એક જ પર્યાયમાં હોવાથી (પ્રત્યક્ષતા થાય છે.) સ્વરૂપ-પ્રત્યક્ષ સ્વરૂપ સંવેદનનો વિષય છે – સ્વરૂપની અનંત પ્રત્યક્ષતા. જેમ કોઈ સિંહ છે તે પોતાના શિકર ઉપર છલાંગ મારે છે, શું કરે છે ? સિંહ શું કરે છે ? પોતાના શિકાર

ઉપર છલાંગ મારશે. સિંહની છલાંગનું એક ચિત્ર લઈએ. જ્યારે એ છલાંગ મારે છે, ત્યારે તે જમીન પર જોરથી ઠેસ મારે છે. જોર દે છે ને ? અને શરીરને ઉછાળે છે, ઉછળે ત્યારે ૨૦-૨૫ મીટર (ઉપર) આકાશમાં ઉછળીને જમીન પર પડે છે. ૨૦-૨૫ મીટરની છલાંગ લગાવે છે. તાકાત બહુ છે ને ? એટલે જોરથી ઉછળે છે. એમ સ્વરૂપ ઉપર પુરુષાર્થની છલાંગ લાગે છે. શેનાથી (લાગે છે) ? કે (સ્વરૂપ) પ્રત્યક્ષતાના કારણથી. આ જે પ્રત્યક્ષતાનું પડખું છે તે અધ્યાત્મની દશાના પુરુષાર્થનું કારણભૂત છે.

ક્યારેક-ક્યારેક આપણી ચર્ચામાં પુરુષાર્થનો પ્રશ્ન આવે છે કે, અમે પુરુષાર્થ કેવી રીતે કરીએ ? અથવા પુરુષાર્થ કેવી રીતે વધારીએ ? આવા પ્રકારના પ્રશ્નો આવે છે. પણ જ્યાં સુધી સ્વરૂપની પ્રત્યક્ષતા, પ્રત્યક્ષપણે વેદનગોચર ન થાય ત્યાં સુધી પુરુષાર્થ ઉછળે નહીં. કારણકે આ કોઈ કૃત્રિમ ઉછાળો લેવાનો વિષય નથી. કૃત્રિમ જોર કરવાનું કામ નથી. આમ સ્વરૂપનો પુરુષાર્થ ચાલે છે. જેને ચાલે છે તેને આવી રીતે ચાલે છે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! મુમુક્ષુના પુરુષાર્થને તો કૃત્રિમ જ કહેવો ને ?

પૂજ્ય ભાઈશ્રી :– મુમુક્ષુને પુરુષાર્થનું Stage સ્વરૂપ નિશ્ચય પછી છે. જ્યારે બીજું સમકિત થાય છે, ત્યારે 'અનુભવાંશે' એટલે વેદન અંશથી પ્રતીતિ આવે છે. ત્યારે વીર્ય ગુણમાં ચૈતન્ય વીર્યની સ્ફુરણા Start (શરૂ) થાય છે. ચૈતન્યવીર્યની સ્ફુરણાનું આ Starting Point છે. કેમ ? કે ત્યાં એણે જ્ઞાનવેદનમાં જે પ્રત્યક્ષતા છે, તેના આધારે સ્વરૂપની અનંત પ્રત્યક્ષતાની ઓળખાણ કરી; ઓળખાણ થતાં જ પુરુષાર્થમાં વીર્ય ગુણની સ્ફુરણા થઈ. 'ગુરુદેવ' તેને ચૈતન્યવીર્યની સ્ફુરણા કહેતા હતા. આ વાત 'ગુરુદેવશ્રી'એ લીધી છે. 'પરમાગમસાર'માં તે સંબંધીત વચનામૃત છે. જોઈ લેશો.

મુમુક્ષુ :– મુમુક્ષુના બીજા સમકિત પહેલાના પુરુષાર્થને શું કહેવું ?

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ નહિ.

મુમુક્ષુ :– તો એ ત્યાં સુધી પહોંચે છે તેનું કારણ શું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં સુધી પહોંચવામાં આગળની જે બધી Line chock out કરી છે, એ એનું કારણ છે. (પરિભ્રમણથી મુક્ત થવાની) વેદનાથી લઈને પૂર્ણતાનું લક્ષ, અવલોકન, ભેદજ્ઞાન (ઇત્યાદિ) તેનું કારણ છે.

મુમુક્ષુ :– તો એને એક રીતે પુરુષાર્થ નહીં કહી શકાય ?

પૂજ્ય ભાઈશ્રી :– પુરુષાર્થ નથી, જ્ઞાનની પ્રક્રિયા છે. જ્ઞાનનું કાર્ય છે. એ જ્ઞાનમાંથી પહેલો વહેલો પુરુષાર્થ ઉત્પન્ન થયો. આમ તો રુચિપૂર્વક થયું. અનન્ય રુચિ ઉત્પન્ન થઈ, સાથે સાથે પુરુષાર્થ ઉત્પન્ન થયો.

મુમુક્ષુ :– સ્વરૂપ પ્રત્યક્ષતા જોવે પછી જ પુરુષાર્થ હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, ત્યારે ગુણ નિધાનની અનન્ય રુચિ ઉત્પન્ન થાય અને રુચિની સાથે 'રુચિ અનુયાયી વીર્ય' (ઉત્પન્ન થાય). છ મુદ્દા થયા.

હવે સાતમો મુદ્દો. **'પરમ શાંત સુધામયી શાંતિ આકુળતાને દૂર કરે'** કેવી છે આત્મ શાંતિ ? અમૃતમયી છે. સુધા એટલે અમૃત. અમૃતમયી શાંતિ છે. શાંતિનું આસ્વાદન કેવું છે ? અમૃત જેવું છે. અમૃત પીવામાં કોઈને તૃપ્તિ થતી નથી. આ પુદ્ગલને ખાવા-પીવાથી પેટ ભરાઈ જાય છે. અમૃતમયી શાંતિનું આસ્વાદન લેવામાં ક્યારેય તૃપ્તિ થતી નથી. અનંતકાળ પીધા કરો... અનંત કાળ સુધી પીધા જ કરો... પીધા જ કરે... ઘુંટડા ભરી-ભરીને પીધે જાવ !

મુમુક્ષુ :– 'પરશાંતિ અનંત સુધામય જે'

પૂજ્ય ભાઈશ્રી :– 'પરમશાંતિ અનંત સુધામય જે'

મુમુક્ષુ :– હવે બેસે છે.

પૂજ્ય ભાઈશ્રી :– થોડુ-થોડુ, પણ નમુનો ચાખવા જેવો છે. એ ચીજ એટલી જલદ છે કે, સાંભળવામાં

પણ માનસિક શાંતિ ઉત્પન્ન થઈ જાય છે. સાંભળતા જ માનસિક શાંતિ ઉત્પન્ન થઈ જાય છે. અનુભવરસની વાત તો અલગ છે. કહે છે કે, પરમ શાંત સુધારસમયી જે શાંતિ છે, તેમાં અમૃતરસ ભર્યો છે તે આકુળતાને ખતમ કરે છે. આકુળતાને દૂર કરે છે એટલે આકુળતાને ખતમ કરે છે.

'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપદ શું હોય' 'આનંદઘનજી'એ ત્યાં વાત લીધી કે, ભગવાન કેવા છે ? 'શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય' ભગવાનની મુદ્રા એવી છે, શાંત-સુધારસ તેમાંથી ઝરે છે. જોનારને પણ તૃપ્તિ થતી નથી, તો ભોગવવાવાળાને તો તૃપ્તિ ક્યાંથી થાય ?

મુમુક્ષુ :- 'અમીય ભરી મૂર્તિ રચી રે, ઉપમા ન ઘટે કોઈ.'

પૂજ્ય ભાઈશ્રી :- એની ઉપમા શેની સાથે થાય ? અમી એટલે અમૃત. અમૃતભરી મૂર્તિ છે. અને વાસ્તવમાં એમ જ છે. તમે સમવસરણમાં જાવ, ભગવાનને જોતાં-જોતાં તમને ઉપયોગ હટાવવાનું મન જ નહિ થાય, અને એટલું જોતા રહેશો... એટલું જોતા રહેશો... એટલું જોતા રહેશો... કે ન ભૂખ લાગશે, ન તૃષા લાગશે, ન ઊંઘ આવશે, ન તો કોઈ હાજત લાગશે. બધું ભૂલી જશો. પરમોત્કૃષ્ટ દેહાતીત દશા છે ને ? તો જોનાર આ દેહની બધી વાત ભૂલી જાય છે. એવી મૂર્તિ હોય છે. (ત્યાં) આકુળતા નથી રહેતી. બેહદ શાંતિના ભંડારમાંથી શાંત રસનો પ્રવાહ નીકળે છે. ક્યાંથી નીકળે છે ? બેહદ શાંતિનો જે ભંડાર અંદરમાં ભર્યો છે, તેમાંથી પ્રવાહ નીકળે છે, તે આકુળતાને ખતમ કરે છે. આકુળતાને આવવા જ દેતો નથી. ઉત્પન્ન જ થવા દેતો નથી. આત્મા એવી ચીજ છે ! કેટલો સુંદર હશે ! અરે...! 'જિસકી ચર્ચા ઇતની સુંદર વહ કિતના સુંદર હોગા !' 'જિસકી ચર્ચા ઇતની સુંદર વહ ખુદ કિતના સુંદર હોગા !'

મુમુક્ષુ :- સમવસરણ સુધી જાવું પડે તેમ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- તમને લોકોને તો અત્યારે મોકલી દીધા. થોડી સેકંડો માટે મોકલી દીધા કે, ચાલ્યા જાઓ સમવસરણમાં. જુઓ ભગવાનને ! ભગવાન કેવા છે !

હવે, છેલ્લો (મુદ્દો) છે. **'અભેદ નિજ સ્વરૂપની વ્યાપકતા, એકાગ્રતારૂપ ધ્યાનને ઉત્પન્ન કરે છે.'** ધ્યાન કેવી રીતે ઉત્પન્ન થાય છે ? ધ્યાનમાં મુખ્ય વાત છે– વ્યાપ્ય-વ્યાપકતાની. આ જે પગથી માથા સુધી, (અને) માથાથી પગ સુધી આત્મા શરીર આકાર ચૈતન્ય પીંડ છે. વ્યાપ્ય-વ્યાપકભાવથી વેદન આવે છે, ત્યારે એકાગ્રતારૂપ ધ્યાનની ઉત્પત્તિ થાય છે. અધ્યાત્મનું Concentration (એકાગ્રતા) કેવી રીતે થાય છે ? આવી રીતે થાય છે ?

આ વિષય થોડો Practical side નો છે, એટલે કદાચ શબ્દોથી સમજાશે નહિ પણ મુમુક્ષુતામાં થોડું આગળ વધ્યા પછી અને થોડી ધ્યાનની પરીધી - Circumference માં થોડું-ઘણું નજીક આવવાથી, આ વાત થોડી-થોડી સમજી શકાય છે, આવતી જાય છે.

અંતરમાં-ધ્યાનમાં એકાગ્રતા કેવી રીતે થાય છે ? તેનું કારણ, નિજ અભેદ સ્વરૂપની વ્યાપકતાનું જે પડખું છે, (તેનાથી થાય છે). વ્યાપ્ય-વ્યાપકભાવથી પોતે પોતાને વેદનમાં લે છે તો ક્ષેત્ર અપેક્ષાથી પૂરા ચૈતન્યપીંડમાં વ્યાપકતા અનુભવ ગોચર થાય છે અને તે એકાગ્રતા - Concentration ને લઈ આવે છે. તો શું (થાય) છે ? કે આ જે એકાગ્રતા છે – Concentration છે તે જામવા લાગે છે અને ધ્યાનમાં એની જમાવટ થતી જાય છે. પછી જામી જાય છે. પછી આત્મા શુદ્ધોપયોગમાં જામી જાય છે.

આ રીતે જ્ઞાનીઓની ધ્યાનની એક પ્રક્રિયા ચાલે છે. બહુભાગ વિષય તો થોડું એ Lineમાં આગળ વધવાથી જ સમજવામાં આવે છે. આ વિષય બહુ Practical Side નો છે. સમય સમાપ્ત થાય છે.

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

'વર્તમાનમાં જ હું શુદ્ધ પરિપૂર્ણ ચિદાનંદ છું. - એવી પ્રતીતિ તે ભવના નાશનું કારણ છે. આવી પ્રતીતિ થયા પછી અલ્પ રાગ રહે તે પરપણે જણાય છે.' - પૂજ્ય ગુરુદેવશ્રી.

અજ્ઞાનદશામાં - આત્મા રાગરહિત પૂર્ણ ચિદાનંદ હોવા છતાં રાગ સહિત ભાસે છે. તે ભવનું બીજ છે.- (પુરુષાર્થસિદ્ધિ ઉપાય) (૩૪)

❈

સ્વભાવને ભૂલી ઉદયભાવમાં 'હું પણું' અનુભવવું તે અજ્ઞાન ચેતના છે - જે અનંત સંસારનું બીજ છે. વ્યવહાર મોક્ષ માર્ગ - અસદ્‌ભૂતવ્યવહારને તેથી નિશ્ચય મોક્ષમાર્ગથી બાહ્ય ગણવામાં આવે છે. સ્વભાવભૂત એવી જ્ઞાન ચેતનાને સદાય ભાવવા યોગ્ય છે. (૩૫)

❈

સમસ્ત રાગ - પ્રશસ્ત / અપ્રશસ્ત - પરાશ્રિત પરિણામ છે. તેમ છતાં તેનું મમત્વ કરતાં શ્રદ્ધાની વિપરીતતા થાય છે. સમસ્ત રાગ રહિત-એવું આત્મસ્વરૂપ છે. જે અનંત મહિમાવંત છે. તે જણાતાં સમસ્ત રાગનો મહિમા ઊડી જાય છે. આમ વસ્તુસ્થિતિ છે. તેમ છતાં જેને પ્રશસ્ત રાગાદિમાં મોહ થાય છે, તેણે આત્માને જાણ્યો નથી. સમસ્ત પ્રકારના રાગાદિ પરિણામ મલિન / અશુદ્ધ, દુઃખદાયી છે અને તેથી શુદ્ધભાવ / મોક્ષમાર્ગરૂપ ભાવના ઘાતક સ્વભાવે છે. તેથી પરમાગમોમાં મોક્ષના હેતુનું રક્ષણ કરવા - તેનો નિષેધ કરવામાં આવ્યો છે, તે યોગ્ય છે. (અપૂર્ણ) (૩૬)

❈

જૂન - ૧૯૮૫

(ચાલુ) વળી રાગ સ્વયં દુઃખરૂપ છે. સ્વરૂપના આનંદ અમૃતના સ્વાદ આગળ રાગનો સ્વાદ ઝેર જેવો છે. - આવા સ્વાદભેદને જે જીવે જાણ્યો નથી – તેને અનાદિ રાગ-વાસિત બુદ્ધિ છે. તેથી રાગનું મમત્વ કરે છે. તોપણ મધ્યસ્થ થઈને નિજ હિતની ભાવનાથી ન્યાય સમજીને નિજહિતના લક્ષે - સ્વભાવ સન્મુખ થઈને રાગનો પક્ષ છોડવામાં આવે તો જ રાગના મમત્વના ત્યાગનો અવસર આવે. ખરેખર તો વિકલ્પ માત્રમાં (દુઃખમય છે તેથી) તીવ્ર દુઃખ લાગે ત્યારે જ વિકલ્પથી ખસી નિર્વિકલ્પ સ્વ-રૂપમાં નિર્વિકલ્પ થવાય છે. પરંતુ રાગના પક્ષપાતીને તેની ખબર પણ હોતી નથી. તેને માત્ર રાગની કિંમત છે. વીતરાગતા / નિર્વિકલ્પતા અર્થાત્ ધર્મની કિંમત નથી. રાગના પક્ષપાતીએ વીતરાગતાનું સ્વરૂપ જાણ્યું નથી / ઓળખ્યું નથી. (૩૭)

❈

સ્વભાવના ભાસનથી સહજ ઉત્પન્ન સ્વભાવ પ્રતિનો ઝુકાવ - તે રૂપ પુરુષાર્થ સાથે 'સર્વ ઉદ્યમ' 'પૂરો પ્રયાસ' નો અભિપ્રાય વર્તતાં - પર્યાય સ્વભાવાકારે થઈ જાય - તે સ્વભાવની પ્રાપ્તિ છે, અર્થાત્ સ્વભાવરૂપ થયેલ અવસ્થાનો અનુભવ છે. ત્યાં સ્વભાવ દૃષ્ટિ પ્રગટે છે. (૩૮)

❈

સ્વભાવ દૃષ્ટિ એટલે શું ? કે પર્યાયમાં વિકાર હોવા છતાં પોતામાં (સ્વભાવમાં) તેનો અભાવ કહે છે

અર્થાત્ દેખે છે - શ્રદ્ધે છે - અવિકાર સ્વરૂપની હયાતી દેખે છે. પ્રતીત કરે છે - તે અંતર દૃષ્ટિનું લક્ષણ છે. આવી સ્વભાવદૃષ્ટિની વાત તે દૃષ્ટિવાનને જ સમજાય છે. ધારણાજ્ઞાનવાળાને તેમાં વિરોધ ભાસે છે. (૩૯)

જ્ઞાનમાં પરદ્રવ્ય પ્રતિભાસવા છતાં સ્વરૂપ અવલોકનમાં જ્ઞાની નિપુણ છે. તેથી તેનું જ્ઞાન વિશુદ્ધ છે. અર્થાત્ સ્વરૂપ અસ્તિત્વને (પરિણતિ દ્વારા) વેદતાં વેદતાં પરનું જાણવું થાય છે. તે જ્ઞાન પૂર્ણતાના વિકાસના પંથે છે, ભાવમરણનો અભાવ કરીને જ્ઞાની તેમાં જીવે છે/ પૂર્ણતાને અનુભવતો - પૂર્ણ થઈને જીવે છે. (૪૦)

રાગનું એકત્વ છૂટવાની વિધિ : ભિન્ન જ્ઞાન સ્વભાવનો વારંવાર અભ્યાસ કર્તવ્ય છે. અનંત સ્વભાવ સામર્થ્યને લક્ષમાં રાખીને, અહંપણે સ્વરૂપને દેખવારૂપ પુરુષાર્થથી રાગનું એકત્વ છૂટે છે. - આ ભેદજ્ઞાન છે. (૪૧)

‘હું જ્ઞાયક માત્ર’ એ રૂપ ધારા / પરિણતિમાં રાગાદિ ભાવો પરસ્વરૂપે ભાસે છે. આવું રાગ સંબંધીનું જ્ઞાન–તે ભૂતાર્થ આશ્રિત થતું હોવાથી પોતે વિકારરૂપ થતું નથી. જ્ઞાન કદી રાગરૂપ થતું નથી. પરંતુ સ્વયંની સાવધાનીનો અભાવ હોતાં રાગના પ્રતિભાસ કાળે, અધ્યાસિતપણે રાગરૂપ થતું અનુભવાય છે - ન થયું હોવા છતાં, અર્થાત્ ભિન્નપણે અનુભવાતું નથી. અહીં રાગ જણાતાં રાગ પ્રત્યે સહજ ઉદાસીનતા ભજે છે. આવો જ જ્ઞાનનો સ્વભાવ છે. (૪૨)

સ્વરૂપ પરિણતિ સહજ થવા પૂર્વે, ‘સર્વ ઉદ્યમથી’ સ્વરૂપની સાવધાની તીવ્રપણે આવે, તો જ પરિણતિ સહજ થાય. (૪૩)

વિચાર દશાના કાળે સત્ય સમજવાની જિજ્ઞાસા અને સત્ય સ્વીકારવાની તૈયારીવાળી ભૂમિકા હોવી ઘટે. (૪૪)

અંતર્મુખ ચિત્તની વિચારધારામાં પરિણમન કરતું જ્ઞાન પોતે પોતાના આધારથી (લક્ષણથી) સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરે - ત્યાં અનંત સામર્થ્યવંત પૂર્ણ સ્વરૂપનું અવભાસન છે. તેમાં સદાય ‘હું આવો જ છું’ - તેમ ‘સ્વરૂપનો અપૂર્વ મહિમાનો ઉછાળો વર્ત્યા કરે’ અને પરિણતિમાં સ્વરૂપ ઘૂંટાયા કરે - તેવી સ્વરૂપની લય હોય–(અસ્તિપણે) તેથી (નાસ્તિપણે) સમસ્ત જગત પ્રત્યે ઉદાસીનપણું - નીરસપણું આવી જાય. પૂર્વ કર્મના ઉદયથી ક્યાંય જોડાવું પડે તે બોજારૂપ લાગે અથવા અનુકૂળતામાં જોડાવું પણ સુખરૂપ ન લાગે - વિકલ્પમાત્ર દુઃખ રૂપ લાગે - ત્યાં સ્વરૂપની લય તીવ્ર થતાં, ધ્યેયભૂત, લક્ષમાં આવેલા સ્વરૂપમાં અંતર્ સાવધાની વધે તે રૂપ સહજ પુરુષાર્થ વૃદ્ધિગત થતો થતો પરમ સત્ / પ્રત્યક્ષ સત્ ના પ્રત્યક્ષ દર્શનમાં સફળ થાય. ભાવભાસનથી સન્મુખતા છે. દશાની દિશાફેર થવું તે અપૂર્વ છે. (૪૫)

સાધકને સ્વરૂપના અભેદ વેદનની પરિણતિ બાહ્ય સંયોગોમાં પ્રવૃત્તિકાળે પણ ભિન્નપણાનું સાક્ષાત્ કારણ છે. ત્યાં સ્વરૂપ રસ / ચૈતન્ય રસની મુખ્યતા ઘણી છે. તેથી પરદ્રવ્ય - ભાવમાં સહજ અત્યંત નીરસપણું થઈ જાય (કરવું પડે નહિ). (૪૬)

ગુણની રુચિ / નિર્દોષતાની રુચિ હોય તેને સ્વભાવની રુચિ પ્રગટે કારણકે સ્વભાવ ગુણમય / ગુણ નિધાન છે. આત્માનો સ્વાભાવિક પુરુષાર્થ આવી રુચિને અનુસરીને ઉત્પન્ન થાય. કરું કરું નો કૃત્રિમ ભાવ તે પુરુષાર્થનું સ્વરૂપ નથી. તેમજ ત્યાં હજી સ્વભાવ લક્ષમાં આવ્યો નથી. તેથી અનન્ય રુચિ પણ પ્રગટી નથી. સ્વભાવની રુચિને માત્ર સ્વભાવ જ રુચે છે. અન્ય કાંઈ રુચતું જ નથી. તેથી રુચિવંત પામી જાય છે, ન પામે તે કેવી રીતે બનવા યોગ્ય છે ? (૪૭)

❈

સ્વરૂપ પ્રાપ્તિ પૂર્વે, તદ્ અનુરૂપ વિચારદશા હોય - તેથી જ કહ્યું છે કે 'વિચારદશા વિના જ્ઞાનદશા હોય નહિ' - 'જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન' (શ્રીમદ્ રાજચંદ્રજી). તે વિચારદશા કેવી ? કે જેના ફળમાં આત્મ-જ્ઞાન પ્રગટે ? તેનો ખ્યાલ પણ ન હોય અને ઉપર ઉપરથી શાસ્ત્ર વાંચી / સાંભળીને કલ્પના કરે છે. પરંતુ તેથી આત્મજ્ઞાન પ્રગટ થાય નહિ. યથાર્થ સ્વરૂપની અંતર્મુખી - નિજલક્ષી વિચારણા નિજહિતના પ્રયોજનની મુખ્યતાવાળી હોય છે. જાગૃતિ તેનું મુખ્ય લક્ષણ છે. જેથી પર પ્રત્યેનો રસ - પરરસમાં કાપ પડે અને સ્વરૂપ રસ / આત્મ રસ ઘૂંટાય. કદાચિત્ પરરસમાં તીવ્રતા થઈ જાય તો પણ ત્યાં ક્ષોભ ઉત્પન્ન થઈ આવે, તો જ દિશા બદલવાનો અવકાશ છે વગેરે પ્રકારે સુવિચારણા હોય તેમાં આત્માર્થી જીવને જે કાંઈ કરવું છે તે એકમાત્ર આત્માર્થે જ કરવું છે. તેવો (લક્ષ) પ્રકાર તેને કોઈ ઉદયના કાર્યમાં ફસાવા દેતો નથી. પરંતુ તે ઊંડી વિચારણા દ્વારા અંતર્ શોધ કરીને સ્વરૂપનો નિર્ણય પ્રયત્નપૂર્વક કરે છે. સ્વરૂપ પ્રાપ્તિની અંતર્ના ઊંડાણથી ઉદ્ભવેલી ભાવના, તે ભાવના સાકાર થવાની ખરી લગની, પૂરેપૂરી તાલાવેલી.... વગેરે સુવિચારણાના મુખ્ય અંગ છે કે જેને લીધે ઉપયોગમાં સ્વભાવને પકડવાની સૂક્ષ્મતા અને તીક્ષ્ણતા આવે. અનુકૂળતાના પૌદ્ગલિક સુખ (?) માં મોહથી મુંઝાનાર અને પ્રતિકૂળતામાં પુરુષાર્થ ઉપાડનાર મુમુક્ષુ વર્તમાન પાત્ર છે. ગુણથી ઉત્પન્ન થતાં સુખનું ધ્યેય હોવાથી, ભૌતિક વૈભવ / વિષયોનું મહત્વ ન રહે, તેને જ સ્વભાવનો મહિમા આવે, સત્પુરુષનો / સત્સંગનો મહિમા આવે, જગતનો મહિમા ન આવે. 'જ્ઞાયક' ના લક્ષે જ આગળ વધાય છે, તેથી તદ્ અનુસાર પ્રયત્ન રાખે. વળી સત્સંગ / સત્પુરુષ પ્રત્યેની અર્પણતા 'સર્વાર્પણબુદ્ધિ' એ હોય - જાણે કે સત્પુરુષ જ પ્રગટ પરમાત્મા હોય !! તેવો પ્રત્યક્ષયોગમાં ભક્તિ - વિનયનો પ્રકાર આવે, ત્યાં બોધ-બીજ યોગ્ય ભૂમિકા થાય છે. અનંતકાળમાં સત્પુરુષનો સમાગમ થવા છતાં, નિષ્ફળ જવાનું કોઈ ખાસ કારણ હોય તો તે આ જ છે કે જેટલી હદે સત્સમાગમમાં વિનયાન્વિત થવું જોઈએ તેમાં ક્ષતિ (ક્ષતિ રહેવાનું કારણ પ્રયોજન યથાર્થપણે સમજાયું નથી) રહી જાય છે. તેથી તે સત્પુરુષનો બોધ પરિણમતો નથી. શ્રી દિપચંદજીએ 'અનુભવ પ્રકાશ' માં ગૂઢ ભાવથી લખેલ છે કે 'પ્રતીતિપૂર્વક વિચાર સાધક છે અને નિર્વિકલ્પ અનુભવ સાધ્ય છે'. (૪૮)

❈

જેની પરિણતિ સ્વરૂપ રસથી ભીંજાયેલી છે, જેને માત્ર સ્વરૂપનું ધ્યેય છે અને વેદન પ્રગટ છે, તેવા સાધકને પૂર્વકર્મ / સંસ્કારથી પરદ્રવ્ય સંબંધી પરપણે વિકલ્પ / પ્રવૃત્તિ હોતાં, તેમાં અત્યંત નીરસપણું હોય છે. (૪૯)

❈

## જુલાઈ - ૧૯૮૫

ભેદજ્ઞાન : રાગની તીવ્ર અરુચિરૂપ (અરુચિનું કારણ મલિનતા, વિપરીતતા, દુઃખ) ભાવે અને જ્ઞાન સ્વભાવની સાવધાની / મહિમા રૂપ વલણથી ભેદજ્ઞાન થવા યોગ્ય છે. ભેદજ્ઞાન સ્વ-પરના વિવેકરૂપ દશા છે. જેમાં સ્વ-

અનંત મહિમાવંતપણે સ્થાન પામતાં, પર અને રાગ નિર્મૂલ્ય ને ભિન્ન ભાસે, જેથી સહજ ઉપેક્ષાભાવ અને નીરસપણું થાય.

અંતરંગમાં સૂક્ષ્મ અનુભવદૃષ્ટિ વડે જ્ઞાનવેદન સ્વપણે વેદાય ત્યાં રાગાદિથી ભિન્નતા થાય - રાગ-જ્ઞાનવેદનથી ભિન્ન અનુભવાય, ભિન્નતા થાય. તે જ જ્ઞાનથી જ્ઞાનનું એકત્વરૂપ સ્વઆશ્રયભાવ છે; ચિત્ પરિણતિના પ્રાદુર્ભાવનું મૂળ અહીં છે અર્થાત્ પોતે-આત્મા ચૈતન્યરસમય-અનન્યભાવે સધાય છે.–આ જ મોક્ષની કળા છે, સાધન છે.

ભેદજ્ઞાન રાગથી ભિન્ન જ્ઞાનની પ્રવૃત્તિરૂપ છે. જેમાં ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ લક્ષના સ્થાને છે, તે સ્વ આશ્રય છે. - આ સહજ છે. કૃત્રિમ વિકલ્પ કાર્યકારી નથી. નિજકાર્યમાં પ્રયોગ પ્રવૃત્તિ - રાગાદિથી ભિન્નતાની અને 'લક્ષ'માં ધ્રુવ સ્વભાવ એમ બન્ને પોતપોતાના યથા સ્થાને ગૌણ અને મુખ્ય ક્રમથી હોય છે. પરંતુ શુદ્ધ પર્યાય પ્રગટ થયા વિના - 'એક સમયની શુદ્ધ પર્યાયથી પણ ભિન્ન હું છું.' એવો કૃત્રિમ વિકલ્પ–તે પ્રયોગ નથી. છતાં તેને પ્રયોગ માની તેમાં રોકાય - તો તે ભેદજ્ઞાનની વિધિ નથી. તેથી ત્યાં કાર્ય સિદ્ધિ થવાને બદલે મિથ્યાત્વ માર્ગની ભૂલથી થાય છે. કારણ કૃત્રિમતા–એ ઉપાય નથી, - વિધિ સાધન નથી. યથાર્થતામાં તો સ્વભાવનો લક્ષ હોવાથી પર્યાય નો આશ્રય નથી. (૫૦)

❉

અનંત-પરિપૂર્ણ સામર્થ્યવાન ગુણનિધિ, અનંત મહિમાવંત આત્મવસ્તુ - સ્વરૂપે કરીને પ્રગટ પ્રત્યક્ષ છે. - તેવો પ્રતીતિ ભાવ અનંત ગુણની પ્રગટ નિર્મળતાનું કારણ છે. (૫૧)

❉

જ્ઞાયકભાવ ટંકોત્કિર્ણ છે. ચૈતન્યગુણ વડે નિરંતર અનુભવમાં આવી રહ્યો છે. - સદાય અંતરંગમાં પ્રકાશમાન છે. છતાં પરની એકત્વબુદ્ધિરૂપ અજ્ઞાનમાં જીવ તેને સર્વથા ચૂકી જાય છે. (સ.ગા. ૪૯) (૫૨)

❉

સ્વભાવ તરફના જોર વિનાનું શાસ્ત્રનું જાણપણું વિભાવ અને પર તરફના જોરવાળું હોવાથી તે યથાર્થ જાણપણું નથી. તેથી તેના ફળમાં સમ્યક્ પ્રતીતિ ઉત્પન્ન થતી નથી. (૫૩)

❉

સ્વ–તત્ત્વનો વાસ્તવિક નિર્ણય સ્વ–સન્મુખ જ્ઞાનમાં થાય છે. સ્વાનુભવના પ્રયત્નવાન જીવે વર્તતા વિકલ્પનું લક્ષ છોડીને સ્વભાવના મહિમાપૂર્વક સ્વભાવના લક્ષમાં ઉગ્રતા આણવી તે કર્તવ્ય છે. - (પૂજ્ય ગુરુદેવશ્રી.) (૫૪)

❉

પ્રત્યક્ષ પ્રકાશમાન, પરમ શુદ્ધ, નિરાવરણ, જ્ઞાનાનંદઘન, ધ્રુવ, પરમપદ, પરમ મહિમા સ્વરૂપની આત્મભાવનાથી ઉપાદેયતા થાય છે, ઉપાસના થાય છે અને તે જ જિનેશ્વરની આજ્ઞા છે. (૫૫)

❉

અહો આ આત્મતત્ત્વ અનંત આશ્ચર્યકારી મહાન અદ્‌ભુત ગુણોનો નિધિ છે; કે જેનું લક્ષ થતાં અન્ય કાંઈ રુચે નહિ. સ્વભાવ અંગેના વિકલ્પથી પણ ખસવાની જેની તૈયારી / યોગ્યતા છે. તે અત્યંત મંદ કષાયમાં પણ અટક્યા વિના સ્વભાવ લક્ષે આગળ વધે છે. (૫૬)

❉



## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિના વિષય ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

વસ્તુ અને વસ્તુમાં એકાગ્રતા–(ખેંચાણ) બસ, આજ બે વાત છે. એકાગ્રતા થતાં થતાં મુક્તિ થઈ જાય છે. (તેના સિવાય) સાંભળવું, તત્ત્વચર્ચા કરવી તે બધુંય વિષય-સેવન છે. (કારણ કે બહિર્મુખ ભાવ છે) પોતાના વિષયને છોડીને તેને વિષય બનાવે છે તો પોતાનો વિષય પડ્યો રહે છે. (૨૪૭)

આત્મા જ્ઞાન અને સુખથી ભરેલો છે. પછી આપણે જોઈએ પણ શું ? (લોકો) જન્મ-મરણથી છૂટવા ચાહે છે, પરંતુ હું તો જન્મ-મરણથી રહિત ધ્રુવ છું. ઉત્પાદ-વ્યયની સાથે પણ હું ખસતો નથી. (૨૫૧)

હું જ પુરુષાર્થની ખાણ છું ને ! દૃષ્ટિએ પુરુષાર્થની ખાણનો કબજો લઈ લીધો પછી પર્યાયમાં પુરુષાર્થ, સુખ વગેરે સહજ થાય જ છે. (૨૫૫)

મોતને બાઝે તો તાવથી છૂટે છે એમ 'પરિણામ મારાથી સર્વથા ભિન્ન છે' – (એવું જોર દેવાથી) દૃષ્ટિ ત્યારે જ પરિણામથી છૂટે છે. (૨૬૯)

'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ' તેમાં પર્યાપ્ત વાત બતાવી દીધી છે, પછી જે બધી વાત આવે છે તે તો 'પરલક્ષી જ્ઞાનની નિર્મળતા' માટે સહજ હો તો હો. (૨૮૧)

દૃષ્ટિની અપેક્ષાએ ચરિત્રનો અનંતગુણ પુરુષાર્થ છે, પરંતુ તેની પણ મુખ્યતા નથી. (કારણ કે તે પણ પર્યાય છે); દૃષ્ટિના વિષયની મુખ્યતામાં તેની પણ ગૌણતા જ રહે છે. (૨૮૨)

પ્રશ્ન :– સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા કેવો છે ?
ઉત્તર :– સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા ધ્રુવ, અભેદ, એકરૂપ, શુદ્ધ, અખંડ, કૂટસ્થ, અપરિણામી છે. (૨૮૬)

એક સમયની પર્યાયને છોડીને જે સામાન્ય વસ્તુ રહી જાય છે તે જ દૃષ્ટિનો વિષય છે. (૨૮૯)

જે પર્યાય જે કાળમાં થવાવાળી છે, તે કાળમાં જ થાય છે. મુનિદશા પણ સહજ થાય છે. પહેલાં ભાવના થાય છે; પરંતુ અભિપ્રાયની પ્રધાનતા પહેલાં કરો; પછી યોગ્યતાપ્રધાની થઈ જશે. જે પર્યાય જ્યારે થવાવાળી છે ત્યારે જ થશે. 'આપણે' તો જ્યાં બેઠા છીએ ત્યાં કાંઈ કરવું-કરાવું નથી. 'આપણે તો બંધ અને મુક્તિ બન્નેથી રહિત છીએ.' (સમ્યગ્દૃષ્ટિ જીવને મુનિપદથી લઈને પૂર્ણ શુદ્ધદશાની ભાવના આવે છે તોપણ તેમને પોતાનો અક્રિય ચિદ્‌બિંબનો જ અભિપ્રાય મુખ્ય રહે છે. તેથી મુમુક્ષુ જીવને પણ દૃષ્ટિના વિષયભૂત સ્વરૂપની મુખ્યાતામાં રહીને જ અધ્યાત્મદશાની ભાવના રહેવી જોઈએ; નહિતર પર્યાયદૃષ્ટિ છૂટી નહિ હોવાથી એને ભાવનાની તીવ્રતામાં પણ પર્યાય-પ્રધાનતા વૃદ્ધિગત થઈ જાશે.) (૨૯૪)

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– નિર્વિકલ્પ દશા વધારે થાય તો વધારે મજબૂતતા આવે તેવું ખરું ?

સમાધાન :– પરિણતિ જોરદાર થાય એટલે નિર્વિકલ્પ દશા આવે છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૧૮)**

❈

પ્રશ્ન :– જ્ઞાની ચોવીસે કલાક આત્મામાં રહે ?

સમાધાન :– જ્ઞાનીને ચોવીસે કલાક આત્મસ્વરૂપનું અવલંબન છે. ઉપયોગ બહારમાં એકમેક થતો જ નથી, ઉપયોગ બહાર જાય તો પણ ન્યારો રહે છે. તે પાછો સ્વરૂપમાં જમાવટ કર્યા વગર રહેતો જ નથી. તેની રુચિ-પરિણતિ જ તેને પાછો લાવે છે. બધું સહજપણે છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૧૯)**

❈

પ્રશ્ન :– પ્રયોજનની સિદ્ધિ માટે, વિભાવ મારો સ્વભાવ નથી એમ લેવું કાં તો તેને નિમિત્તમાં નાખી દેવો. આ બરાબર છે ?

સમાધાન :– પ્રયોજનની સિદ્ધિ એનાથી છે કે તું જુદો છે અને વિભાવ થાય છે તે ભિન્ન છે, માટે તેને નિમિત્તમાં નાખી દે. જોકે વિભાવ પુરુષાર્થની મંદતાએ તારામાં થાય છે તે અપેક્ષાએ ચેતનમાં થાય છે માટે તું તેને પુરુષાર્થ કરીને ટાળ. તે જુદા છે તેમ ભેદજ્ઞાન કર્યા પછી જે અસ્થિરતા રહે છે, તેને પણ તારે તોડવાની છે. એટલે પુરુષાર્થ-ભેદજ્ઞાન કરવાનું પ્રયોજન છે. પ્રયોજનને મુખ્ય રાખવું. કોઈ અપેક્ષાએ વિભાવને જડના કહેવાય છે અને ચેતનની અપેક્ષાએ ચેતનના કહેવાય છે. ચેતનની અપેક્ષાએ પોતાના પુરુષાર્થની મંદતાથી ચેતનમાં થાય છે તેમાં નિમિત્તની ગૌણતા થાય છે અને જડ તરફની-નિમિત્તની વાત આવે તો વિકાર જીવનો છે તેની ગૌણતા છે. વિભાવ ને જડને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, માટે તારે તેનાથી જુદું પડીને ભેદજ્ઞાન કરવાનું પ્રયોજન છે.



ખોટા વાદ-વિવાદમાં અટકવું નહિ, પ્રયોજન સિદ્ધ કરવું. અધ્યાત્મદૃષ્ટિમાં એક ભેદજ્ઞાન કરવાનું પ્રયોજન છે. આચાર્યોનું–ગુરુદેવનું કહેવું છે કે તું ભેદજ્ઞાન કર. વિભાવ તારો સ્વભાવ નથી માટે જડના છે. અને જો તે એકાંતે જડના હોય અને તારામાં ન થતા હોય તો તારે પુરુષાર્થ કરવાનો રહેતો નથી માટે તે અપેક્ષાએ તારામાં જ થયા છે. આમ, બંને અપેક્ષાનો મેળ કરીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવી રીતે છે તે જાણવું. કોઈ અપેક્ષાએ કોઈની મુખ્યતા ને કોઈની ગૌણતા થાય છે. પ્રયોજન એ રાખવું કે ભેદજ્ઞાન કરવાનું છે. વાદ-વિવાદમાં અટકવું નહિ.

ભેદજ્ઞાન કરીને અંતરમાં ચૈતન્ય આત્મા અનંત ગુણથી ભરેલો છે તેને પ્રગટ કરવાનો છે. વિભાવ વિપરીત સ્વભાવ છે, દુઃખરૂપ છે ને દુઃખનું ફળ છે. તેને છોડીને આત્મા જુદો છે તેમ ભેદજ્ઞાન કરવું. તેને જડથી ભેદજ્ઞાન કરવાનું છે અને વિભાવથી પણ ભેદજ્ઞાન કરવાનું છે. વિભાવ તારો સ્વભાવ નથી, તે દુઃખ અને દુઃખનાં ફળ છે, માટે તેનાથી તું જુદો પડ. જ્ઞાનમાં એકલું જ્ઞાન જ દેખાય છે ને ક્રોધમાં ક્રોધ દેખાય છે, કેમકે બંને જુદાં છે, બંનેના સ્વભાવભેદ છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૨૦)**

❈

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જાન્યુઆરી–૨૦૧૩નું) શુલ્ક શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




## ૨૦૧

મુંબઈ, માહ વદ ૩ ગુરુ, ૧૯૪૭

**'આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્‌ભુત અનુગ્રહતા પ્રકાશી છે; આજે ઘણા દિવસ થયાં ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે.'**

આજની વહેલી સવારથી નિજ પરમાત્મા પોતે સ્વયં અદ્‌ભુતપણે પ્રગટપણે પરિણમી રહ્યો છે અને પરિણતિમાં પરમાત્મા પ્રત્યે કોઈ અનુપમ ઉલ્લસિત પરિણામો સહજ પ્રગટ થયા કરે છે. ઘણા દિવસ થયા જે ઇચ્છના હતી તેવું સહજ પરિણમન થયું છે. જો કે પરમાત્મા તો સદાય નિર્વિકાર અને વીતરાગ છે તો પણ પરાભક્તિરૂપ લીનતાને જાણે કે વશ થાય છે. તેનું દર્શન સદાય રહ્યા કરે તેની સાવચેતી માટે પોતે અસંગતાને ચાહે છે અથવા શ્રી સૌભાગ્યભાઈ જેવા મહાભાગ્યનો સત્સંગ ઇચ્છે છે યદ્યપિ સત્સંગનું ફળ અસંગતા છે તો પણ આ પત્રમાં અસંગતાને શ્રી સૌભાગ્યભાઈના સત્સંગ તુલ્ય પ્રિય ગણ્યું છે. ધન્ય છે ! શ્રી સૌભાગ્યભાઈની પાત્રતાને કે જેનો સંગ કૃપાળુદેવ જેવા મહાપુરુષ ચાહે છે અર્થાત્ જેવી આત્મવૃત્તિ અસંગદશામાં રહે તેવી આત્મવૃત્તિ શ્રી સૌભાગ્યભાઈ સાથેના સત્સંગમાં પોતાને રહે છે, તેથી તેમનો સંગ ચાહે છે.

## ૨૦૪

મુંબઈ, માહ વદ ૭ ભોમ, ૧૯૪૭

**'હજી અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી; કારણ કે જેવી જોઈએ તેવી અસંગદશાથી વર્તાતું નથી; અને મિથ્યા પ્રતિબંધમાં વાસ છે. પરમાર્થ માટે પરિપૂર્ણ ઇચ્છા છે; પણ ઈશ્વરેચ્છાની હજુ તેમાં સમ્મતિ થઈ નથી.'**

પરમ કૃપાળુદેવને અંતરંગમાં અદ્‌ભુત આત્મદશારૂપ પરિણતિ પ્રારંભથી જ હોવા છતાં પણ પોતાને સંતોષ નથી. પૂર્ણતાના કામીને એમ જ થાય, નહિ તો વર્તમાન પર્યાયલક્ષે અહમ્ થયા વિના રહે નહિ. તેથી આ પત્રમાં લખે છે કે નિજ નિરંજન દેવની જેવી જોઈએ તેવી પ્રસન્નતા થતી નથી અને તેથી અસંગદશાએ વર્તાવું જોઈએ તે સ્થિતિ ઉત્પન્ન થઈ નથી; તેમજ બાહ્યમાં જે કાંઈ લૌકિક સંબંધ છે તે પરમાર્થતે મિથ્યા છે અને વહેવાર દશાએ તેમાં વર્તવું પડે તે પ્રતિબંધમાં વાસ છે. પરિપૂર્ણ દશાની ભાવના રહે છે પરંતુ સહજ તે સ્થિતિ ઉત્પન્ન થઈ નથી તેનો અહીં ઉલ્લેખ છે.

## ૨૦૬

મુંબઈ, માહ વદ ૧૩, રવિ, ૧૯૪૭

**'પારમાર્થિક વિષય માટે હાલ મૌન રહેવાનું કારણ પરમાત્માની ઇચ્છા છે. જ્યાં સુધી અસંગ થઈશું નહીં અને ત્યાર પછી તેની ઇચ્છા મળશે નહીં, ત્યાં સુધી પ્રગટ રીતે માર્ગ કહીશું નહીં.'**

બીજા જીવોને પરમાર્થની (આત્મકલ્યાણની) પ્રાપ્તિ થાય તે વિષયની બાહ્ય પ્રવૃત્તિ અંગે હાલ મૌન રહેવાનો નિર્ણય કર્યો છે, કારણ કે જ્યાં સુધી અસંગપણે રહેવાય તેવી સહજ દશા પ્રગટ ન થાય ત્યાં સુધી, તેમજ તેવી દશા પ્રગટ્યા પછી પણ, બહારમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પરમાર્થને પ્રકાશવા યોગ્ય અનુકૂળ ન દેખાય ત્યાં સુધી, પ્રગટ રીતે માર્ગને ન કહેવો જોઈએ, તેવો સર્વ માર્ગ-પ્રકાશક મહાન પુરુષોનો, કાર્ય-પ્રણાલિકા-વિષયક નિયમ છે, તેનું ઉલ્લંઘન કરવા પોતે ચાહતા નથી.